જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૮/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૯૯/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં. | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૫ | ૪,૪૭,300/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 00 | 00/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૦૦/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૩૪ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૩૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૯૨,૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૦૧/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૪૦૨/૨૦૨૨

**સાયબર ક્રાઈમઃ (૧)** રાજીવ રમેશચંદ્ર ભૈયા (ઉ.વ.૫૨) (રહે. નોર્થ-વન સેન્ટોસા પાર્ક સામે હિરારૂપા હોલ પાછળ બોપલ-આંબલી રોડ) એ તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૯૩૧૧૩૬૧૨૩૩ ના ધારકે અમદાવાદ પિપળજ પિરાણા રોડ ગોપાલપુર સૈજપુર યોગેશ્વર પોલીમર્સ નામની રાજીવ ભૈયાની કંપનીના મેનેજર પુરૂષોત્તમ રાજનાથ કુર્મી નાઓના મોબાઈલ નંબર ઉપર ફોન કરી હોંગકોંગ બેઝડ બેંકના ઈન્ડીયાના એજન્ટ તરીકેના મોટા હોદ્દા ઉપર ફરજ બજાવતા યશ અગ્રવાલ તરીકેની ખોટી ઓળખ આપી રાજીવ ભૈયાને વિશ્વાસ આપી ભરોસો કેળવી માહે માર્ચ-૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રાજીવ ભૈયાની કંપનીને એલ.સી. અપાવવાની વાત કરી રૂપિયા ૯,૦૦,૦૦૦/- માર્જીન મની તરીકે ભરાવડાવી કંપનીને કોઈપણ પ્રકારની એલ.સી. નહી આપી તેમજ ભરેલ મારજીન પેટે ભરેલ નાણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.વી.પટેલ ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ (૨)** દિપકભાઇ કિશોરભાઇ જાંગીડ (રહે. મિત્ર મિલન સોસાયટી મીરા અંબીકા સ્કુલ રોડ નારણપુરા) એ તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તારીખ ૧૬/૩/૨૦૨૨ થી ૩૧/૦૫/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન Ella Williams નામની આઇ.ડી ધારક તેમજ સીમા જૈન ભવાની ટ્રેડર્સ ઇન્ડીયામાં મુંબઇ તરીકેની ઓળખ આપનાર તેમજ ડૉ. ફ્રીમેન એન્થની primepropharma કંપની યુ.કેના પરચેસ મેનેજર તરીકેની ઓળખ આપનાર વ્યક્તિઓએ દિપકભાઈ જાંગીડ સાથે ધંધો કરવાના બહાને વિશ્વાસ અને ભરોસો કેળવી પ્લુકેમીયા ઓઇલ તેમજ પ્લુકેમીયા સીડસનો માલ ખરીદ વેચાણ કરવાથી સારો એવો નફો મળશે તેવી લોભામણી લાલચ આપી માલ ખરીદ વેચાણ કરવાના બહાને દિપકભાઈ જાંગીડ પાસેથી ઈન્ટરનેટના માધ્યમથી, વાશિ નવી મુંબઇ આંગડીયા મારફતે તેમજ રોકડ નાણા મળી કુલ રૂપિયા ૧,૨૪,૦૨,૫૦૦/- અલગ-અલગ બેંક ખાતાઓમાં ભરાવડાવી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એચ.પટેલ ચલાવે છે.

**નવરંગપુરાઃ** પિન્કી રાજેન્દ્રભાઇ ભણસાલી (ઉ.વ.૪૭) (રહે. તુલસી લગઝુરીયા પોલીટેકનીક રોડ આંબાવાડી) એ તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા મીઠાખળી છ રસ્તા અલ્હાબાદ બેન્ક સામે અદાણી હાઉસની બાજુમાં શિખર કોમ્પલેક્ષ શ્રીમાળી સોસાયટીમાં ઓફીસ નં.૬૦૪ ખાતે કોપેક લેમીનેટર્સ એલએલપી કંપનીનીના ભાગીદાર (૧) વિશાલ હેમંતભાઇ પટેલ (૨) વૈશાલી વિશાલ પટેલ (બન્ને રહે. ભુયંગદેવ સોસાયટી ભુયંગદેવ ક્રોસ રોડ ઘાટલોડીયા અમદાવાદ) (૩) મનીશભાઇ હરેશભાઇ પટેલ (રહે. નિર્મલ સોસાયટી ભદવતનગર કેનાલ વટવા ઇસનપુર રોડ) અને (૪) અનિલકુમાર મોહનભાઇ પટેલ (રહે. અક્ષરધામ એપાર્ટમેન્ટ જર્જ બંગલો રોડ પાસે બોડકદેવ) એ ભેગા મળી પિન્કી ભણસાલીના પતિ પાસેથી કોપેક લેમીનેટર્સ એલએલપી કંપનીનીના ધંધા માટે નવિન મશીનરી ખરીદ કરવા રૂપિયા ૫૮,૦૦,૦૦૦/- મેળવી લઇ તે પૈસા બે વર્ષમા પરત આપવાનો વિશ્વાસ આપી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૩/૨૦૨૨**

**વાસણાઃ** સોમીયાદે કીરણદે પાવૈયા (રહે. ઔડાના મકાન ભાઠાગામ વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૮/૨૦૨૨ કલાક ૧/૩૦ થી કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના બુટીયા નંગ-૨ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.જાડેજા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૪/૨૦૨૨**

**સરખેજઃ** યજ્ઞ સ/ઓ વિજય પંજાબી (ઉ.વ.૨૮)(રહે.સેટેલાઇટ પાર્ક, સ્ટાર બજાર પાછળ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઇટ) એ તા.૦૬/૦૮/૨૦૨૨ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૮/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે બોપલ વકિલ બ્રીજ પાસે, સત્યમેવ ઇલાઇટ કોમ્પલેક્ષ આગળ પાર્કિંગમા આવેલ એક પુરૂષે યજ્ઞની કાર પાસે આવી જણાવેલ કે " તમારી કાર નીચે પૈસા પડેલા છે" તેમ કહેતા યજ્ઞભાઇ કારમાંથી નીચે ઉતરી બે-ત્રણ દશ રૂપીયાની નોટો લેવા ગયા હતા દરમ્યાન આ પુરૂષ યજ્ઞ પંજાબીની નજર ચુકવી કારમાંથી બેગ ચોરી કરી લઈ ગયો હતો. જે બેગમાં (૧) એપલ કંપનીનુ લેપટોપ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- (૨) એપલ કંમ્પનીનુ લેપટોપનુ ચાર્જર કિંમત રૂપિયા ૫,૦૦૦/- (૩) હાર્ટડિસ્ક બે ટી.બી. કિંમત રૂપિયા ૨,૦૦૦/- (૪) એપલ કંપનીનો આઇફોન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૫) એપલના એરપોડ કિંમત રૂપિયા ૪,૦૦૦/- (૬) રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૧,૧૧,૦૦૦/- મતાની હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી યશપાલસિંહ પ્રવિણસિંહ ચલાવે છે.

**એલીસબ્રીજઃ** મેહુલભાઇ ગજેન્દ્રભાઇ બગરીયા (રહે. કૃષ્ણા ટાવર સચીન ટાવર સામે ૧૦૦ ફુટ આનંદનગર રોડ સેટેલાઇટ) એ તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.03/૦૮/૨૦૨૨ બપોરના 3/00 વાગ્યા પહેલા એલીસબ્રીજ ટાઉનહોલ સામે બાદશાહ ચેમ્બર્સમા લાગેલ એસ.બી.આઇ બેંકના એ.ટી.એમ.માંથી વોલ્ટાસ કંપનીના એ.સી.નંગ-૨ કિમત રૂપિયા ૪૦,000/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.પટેલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૫/૨૦૨૨**

**"એન" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રામકરણ ભ્રહ્માદીન મૌર્ય (ઉ.વ.૫૧)(રહે.અક્કલદેવનગર, અલંકાર ફ્લેટ પાસે, વેજલપુર) તા.૦૬/૦૮/૨૦૨૨ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે કૃષ્ણધામ ઔડાના મકાન ત્રણ રસ્તા નજીક સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક ઓટોરીક્ષા નંબર જીજે.૨૭.વાય.૩૯૦૮ ના ચાલકે ઓટોરીક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સાયકલને ટક્કર મારતા રામકરણ મૌર્યને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને આરોગ્યમ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર રામકરણ મૌર્યના પુત્ર વિજય મૌર્યએ "એન" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી આર.આર.શુકલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૬/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** જીગર રમેશભાઈ પારધી (ઉ.વ.૨૮)(રહે.આંબેડકર કોલોની, આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૨૦૨૨ કલાક ૬/૪૦ પહેલા એલિસબ્રિજ પુલ પાસે, ઘાટ નંબર-૮ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદિશચન્દ્ર આત્મારામ ચલાવે છે.

**નારોલઃ** મુન્નીબહેન વા/ઓ ઇબ્રાહીમ શેખ (ઉ.વ.૪૫)(રહે.તુફેલપાર્ક દયારામ ફેક્ટરીની બાજુમાં મસ્જીદે ખેરની પાસે વટવા નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૨૦૨૨ સવારના ૮/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૮/૨૦૨૨ કલાક ૫/૩૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આઇ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી